# ૧૯મી એપ્રિલ, ૧૯૭૦

બારણું ઉઘાડી અંદર પ્રવેશતાં સજલને લાગ્યું કે જાણે એ કોઈ અજાણ્યે ઘેર આવી ગયો છે. વધતા અંધારાના પ્રભાવે એને બધી જ ચીજવસ્તુઓ ઝાંખી લાગી. એટલું જ નહીં, પણ તે જાણે કોઈ બીજી જ વ્યક્તિની હોય એમ સજલને લાગ્યું. અહીં જાણે કશું જ એનું ખુદનું નહોતું. જેમ એનો સંબંધ બધા સાથે હતો તેમ જ!

જોકે હાથ ઊંચો કરી ટેબલલૅમ્પનો પ્રકાશ તરત પથરાવી શક્યો એટલે સજલને ખાતરી તો થઈ કે આ અજાણ્યું ઘર તો નથી જ. બધાં જ ઘરમાં એક જ જગ્યાએ સ્વિચ ક્યાંથી હોય? અહીં એવા એક જ ઢાંચામાં ઢાળેલાં સરકારી મકાનો મળવાં મુશ્કેલ જ નહીં, અસંભવ જ. એવાં જ ઘરોમાં સજલ રહી - જન્મી, ઊછરી - મોટો થયો હતો. એનું આગલું જીવન કંઈ સુખ-સાહેબીમાં તો વીત્યું નહોતું. છતાં એનાં કૂણાં અંગો અને ખાસ તો નમણું, વહાલ ઊપજાવે એવું મોં જોતાં કોઈને પણ ખ્યાલ આવે કે એને પોતાને પેટે પાટા બાંધવાનો વખત કદી આવ્યો નહીં હોય. વિધિની વક્રતા પણ એવી કે ચાર ભાઈબહેનોમાં એ ત્રીજો જન્મ્યો હોવા છતાં મા-બાપનું પુષ્કળ હેત પામ્યો હતો. અને સંકુચિતતા કે સ્થૂળતા વિનાનું સ્થિર એવું એ પોતાનું વ્યક્તિત્વ વિકસાવી શક્યો હતો.

અંધારા ઓરડામાં પ્રવેશતાં સજલને ખ્યાલ ન રહ્યો કે આ બધી ચારે તરફ વેરણછેરણ થઈ પડેલી ચીજવસ્તુઓ કોની છે. આ સોફાસેટ, પેલી બાજુનું નાનું કૉફી-ટેબલ, ઉપરની 'આધુનિક ચિત્રકારો' વિશેની ચોપડી, ત્રણેક ખુરશીઓ એક તો સજલના ખમીસથી ઢંકાયેલી - પાછળના રસોડામાંથી દેખા દેતો વિદ્યુત-ચૂલો અને વળી ફ્રિજ, આ તદ્દન પાસેનું ગ્રામોફોન અને એની ઉપર, નીચે, આજુબાજુ, ચારેકોર પથરાયેલી વિવિધ સંગીતની રેકર્ડો, જરાક બાજુમાં પુસ્તકો મૂકવાનું ટેબલ અને એની ઉપર દૃષ્ટિ આકર્ષ્યા કરતો પેન્ટહાઉસનો પિન-અપ! અને એ સર્વને તળિયેથી ટેકો આપતો ખૂણેખાંચરે છવાયેલો ગાલીચો! અંધારામાં

તો આ બધી વસ્તુઓને પણ કદાચ ખ્યાલ નહીં આવ્યો હોય કે બારણું ઉઘાડી પ્રવેશેલી વ્યક્તિ સજલ જ છે. આમ તો આવો તરંગી વિચાર સજલને ન આવે; પણ મહાત્માઓનું અને હવે વિજ્ઞાનીઓનું પણ જે માનવું હતું કે જડ એવી વસ્તુઓ પણ જીવંત હોય છે, લાગણી અનુભવતી હોય છે, એટલે સજલ આવો 'બિન્ધાસ્ત' વિચાર કરવા પ્રેરાયો. આવા પુરવાર ન કરી શકાય એવા વિચારો, જ્યારે પોતાનું વ્યક્તિત્વ પલટાવવા દેતો હોય ત્યારે માણસને સહેલાઈથી યાદ રહી જાય. સજલનું પણ એમ જ હતું, એક વાર ઘર છોડ્યું, દેશ છોડ્યો અને પરદેશ પહોંચ્યા એટલે પોતાનું આગવું વ્યક્તિત્વ ભૂંસાવા દેવાનું અને નવું વ્યક્તિત્વ વિકસાવવા પ્રયત્નશીલ થવાનું.

અલબત્ત, બિલાડી 'મ્યાઉં' કરતી સામે દોડી આવે કે કૂતરો છલાંગ મારી ખભા સુધી આગલા પગ ઊંચા કરી ગાલ ચાટી લે, એવા અમેરિકન સ્વાગતથી તો ખાલી ઘરમાંયે પોતાનું આગમન સહ્ય થઈ શકે. બાકી આ બધી જડ વસ્તુઓની જીવંતતા કે પછી જીવંત વસ્તુઓની જડતા? - એ સર્વને આવું કોઈ પરાક્રમ કરવા દે એ તો અશક્ય જ હતું! પરિણામે સજલ જરા ભારે પગલે અંદર આવ્યો અને સોફા પર પગ લંબાવી બેઠો ત્યાં સુધીમાં પદાર્થમાં લટકાં કરતા ચેતન વિશેના બધા જ ખ્યાલો એના મનમાંથી ઓસરી ગયા.

આમે જે જીવંત વાતાવરણમાં સજલને શ્વાસ લેવાની જન્મથી જ આદત હતી તે વાતાવરણને તો અહીં ક્યાંથી સ્થાપિત કરી શકાય? એક સામાન્ય ઘર લ્યો. પહેલાં આવે ચારે બાજુથી પ્રકાશ. એને માટે બારીબારણાં સદા ખુલ્લાં. હવાને લીધે બારીક કપડાંનો લગભગ પારદર્શક પડદો ઊડ ઊડ કરે. એક બારી પર સૂકવેલો બુશકોટ મારવાડી શેઠના પેટની જેમ ફુગ્ગો બની ગયો હોય અને એના પરિઘમાં આવતી-જતી ભરતી-ઓટથી અહીંના જીવનના ઘમસાણની કલ્પના ચગાવી શકતો હોય. ખાટલા પર પથરાયેલી ચાદરના છેડાને આ બધા સાથે ઊડવાની ફરજ પડે. પંખો વગર વીજળીએ ગોળ ગોળ ફરી રહે. દીવાલ પરના બાપુના ગ્રૅજ્યુએશનના ને લગ્નના ફોટા હાલી રહે અને વખતોવખત એકાદ બારી કે બારણું આપઘાત કરવાની તમન્ના, તત્પરતા દાખવી માથું અથડાવી રહે.

તો પછી અહીં ચેતન લાગે!

પણ ખરેખર તો વાતાવરણની જીવંતતાનું પ્રતીક બનીને આવે બે-ચાર ચકલાં; દિવસે સ્તો. એમની ઊડાઊડ, દોડાદોડ ને નાસભાગ અને એમની ચીં-ચીંની

કથની. વધુ નસીબવાળા હો તો વળી ઘૂ, ઘૂ, ઘૂ, કરતાં કબૂતરો પણ બારીમાંથી આવ-જા કરવાનો આગ્રહ રાખે. માળિયા પર માળા બાંધવાનો આગ્રહ રાખે. શયનખંડમાં ચરક પાડવાનો આગ્રહ રાખે. કોઈ વાર બપોરે સૂવાનો વિચાર કરતાં હોઈએ ને ચકલાં, કબૂતરો ક્ષણ વાર શાંત બેઠાં હોય ત્યારે અચાનક જ માખીઓનું ઝુંડ આપણને શોધી કાઢે ને વાતાવરણને પોતાના સંગીતથી ઊભરાવી દે. રાત્રે માખી, મચ્છરો બહુવચનમાં જ કહેવું પડે એટલી જાતનાં અને કોઈ વાર તો સદા ગાતાં તમરાં, ઊંઘણશી ફૂદાં અને એમના અનેક નાત, જાત, વર્ગ અને બીજા સામાજિક ઘટકો એ બધા જ થાય હાજર. તમને યાદ અપાવવા કે આ તો 'ટ્રોપિકલ' વાતાવરણ. કદાચ સૂક્ષ્મદર્શક યંત્રની આંખે જુએ તો હવાના કણકણમાં રજ રજ ને રજ, રજમાં ભાતભાતનાં જીવાણુઓ. પણ જેણે છૂપાં રુસ્તમશાં ઉંદરડાં, બેરીટોન દેડકાં કે સૌમ્ય અળસિયાંને માંડ જોયાં-જાણ્યાં હોય, તેને આ બધાની તો ભાળ ક્યાંથી હોય? એમની જીવંત ધમાલથી મળતી મજાનો તો ખ્યાલ જ ક્યાંથી હોય?

એ માટે - આ હવા, પ્રકાશ, ઊડતાં કપડાં, પડદા, આ માખી, મચ્છર, કબૂતર - એ સર્વની હાજરીની નોંધ લેવા માટે એને તો જવું પડ્યું છેક દસ હજાર માઈલ દૂર! વાતાવરણને અનુકૂળ થઈ જીવવાનો આગ્રહ રાખવા માટે સજલ, વાતાવરણની પૂરી જાગરૂકતાથી નોંધ પણ ન લઈ શક્યો. જૅક્સન, ઓહાયોમાં, બંધ, મ્યુઝિયમ શા ઘરમાં એને સતાવવા માંડી 'ઘરના વાતાવરણની' ગેરહાજરી!

કદાચ નિતાંત ઘેર હોત તો વળી કંઈક ઉત્સાહ આવત. નિતાંતનો સ્વભાવ જ એવો કે સામા માણસમાં ચેતના ભરી દે. પણ સાથે સાથે એ રહ્યો ઘણો અકળ. અગમ્ય. એનો શું ઇરાદો હશે એ જાણવું જ દુષ્કર. આમ તો સજલને બે દિવસથી નિતાંતની ખોટ સાલતી હતી. એક જ સાંજ માટે 'બહાર જાઉં છું' કહી ગયેલો જે, જો બે દિવસ સુધી દેખા જ ન દે, તો શું કરવું? આમ તો એની ચિંતા કર્યા વગર ચાલે નહીં, પણ વળી આટલા મોટાની ચિંતા પણ કેમ કરવી? સજલ પોતાના સ્વભાવ સાથે ઓતપ્રોત થઈ ગયેલી દ્વિધાવૃત્તિ અનુભવવા માંડ્યો.

પોલીસને ખબર આપવામાં પણ જોખમ રહ્યું હતું. 'કયે ગામ ગયો છે?' એવા સાધારણ પ્રશ્નનો પણ ઉત્તર એ ક્યાં આપી શકે એમ હતો? 'શું પહેરીને ગયો છે' એ પણ મૂઉં યાદ નથી આવતું. સજલ મૂંઝવણમાં પડ્યો. 'ક્યાં શોધવો?

ક્યાં ફોન કરવો? શું કરવું? પોલીસનું તો વળી ગાંડું ખાતું, કદાચ પોતાને જ બેસાડી દે તો?' સજલને પરસેવો થઈ આવ્યો. એના બંધ ઓરડાનું વાતાવરણ વધુ ગૂંગળામણું થવા લાગ્યું.

'અલબત્ત, નિતાંતના નિકાલનો તો સવાલ જ ક્યાં ઊભો થાય છે? અમારી વચ્ચે ઓળખાણ જ ક્યાં છે એવી?' સજલ સ્વસ્થ મને તરત વિચારી શક્યો. છતાં બે યુવકો સાથે રહે અને એકને કંઈ થાય તો પોલીસને પ્રથમ તો શંકા બીજા પર જ જાય. આ દેશ જ એવો. 'અજાણ્યાને આદર ને જાણીતાને પાદર.' પાદર એટલે કે કબ્રસ્તાન. દીકરો મા-બાપનું ખૂન કરે. ભાઈ ભાઈને રહેંસી નાખે, પતિ પત્નીને ગોળીએ ઠાર કરે, પ્રેમી પ્રેમિકાને હણે કે પછી એના બીજા પ્રેમીને હણે, દોસ્ત દોસ્તનો નિકાલ કાઢે. આવું સર્વે ચાલ્યા જ કરે. પણ અજાણ્યા હોવામાં સલામતી. નિશ્ચિંત બધે હરીફરી શકાય, જીવ જાળવી શકાય.

પોલીસને કેમ કરીને સમજાવું કે અમારી વચ્ચે એવી ખાસ કોઈ ઓળખાણ છે જ નહીં? મૈત્રી ઔપચારિક જ છે? અમારો સહેવાસ ભાડું, ખર્ચો વહેંચવા પૂરતો જ છે. સીધા છીએ. ડ્રગ્સનો પ્રશ્ન જ નથી. છોકરીનો પણ નહીં.'

એટલું ખરું કે ત્રણ મહિનાના સહવાસે સજલને નિતાંતના વ્યક્તિત્વ અને રહેણીકરણીમાં ઊંડો રસ લેતો કરી દીધો હતો. એનું કારણ સજલ માનસશાસ્ત્રનો વિદ્યાર્થી હતો એટલું જ નહોતું. ખરેખર તો નિતાંતનાં વર્તન અને વ્યક્તિત્વ જ એને માટે જવાબદાર હતાં. અને જીવનનાં બીજાં અનેક પાસાં છુપાવી રાખવાના નિતાંતના અવિરત પ્રયત્નો જ એને જવાબદાર હતા.

'આજે તો નિતાંત આવવો જ જોઈએ.'

આમ આશાવાદ જાળવી રાખવો સજલને બહુ જરૂરી લાગ્યો. કદાચ નિતાંત અકસ્માતમાં ઝડપાઈ જાય, એને હૉસ્પિટલમાં રહેવું પડે કે પછી જો કંઈ ન બનવાનું બને તો તો સજલને પોતાને પણ પારાવાર તકલીફ ભોગવવી પડે.

'ઘરનું અડધું ભાડું કોણ આપે?'

એ પ્રશ્ન પ્રથમ ઊભો થાય જ. એમાંયે વળી નવા કાયદાઓને લીધે ભારતથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી જતી હતી. પોતે શાકાહારી એટલે બીજો પણ શાકાહારી જ જોઈએ. એ ગુજરાતી જ હોઈ શકે તો જ વળી માતૃભાષામાં વાત કરવાનો દરરોજ લાભ મળે. મુંબઈમાં સજલની બાજુમાં જ રહેતો એક

ગણિત-શિક્ષક અમેરિકાના નાના ગામમાં કૉમ્પ્યુટરનું ભણી પાંચ વર્ષે પાછો આવ્યો ત્યારે બે જ ભાષામાં વ્યવહાર કરી શકતો - અંગ્રેજી અને ફ્રેરટ્રાંડ! સજલ તો હતો સાહિત્યનો જીવડો! આવું એને કેમ પોષાય?

નિતાંતનું કદાવર શરીર જોઈ એને કંઈ થાય એ તો કલ્પવું જ અઘરું હતું. 'ગાડી બગડી ગઈ હશે? પરીક્ષા પાસે હોવાથી કોઈને ત્યાં વાંચવા રોકાયો હશે?' સજલની ચિંતા એક ગુહ્ય ડરમાં પલટાવા માંડી, એ જાણતો હતો કે સૌથી મોટી આપત્તિ, તે અકસ્માતની સગાંવહાલાંને જાણ કરવાની હતી. ત્યાર બાદ, નિકટતમ સંબંધી બની, મરનારની અંતિમક્રિયાઓ પતાવવાની હતી.

આ બધાં અસંગત વિચારોને જવાબદાર તો નિતાંતનું સદાનું અકળ વર્તન હતું. સજલને આ કારણે પોતાના સ્વૈરવિહારનો ક્ષોભ થતો નહીં.

સજલના જીવનમાંયે તે કેવો અનાયાસે, ઓચિંતો જ આવી ચઢ્યો હતો? સોફા પર પગ લંબાવી બેઠેલા સજલને તે યાદ આવવા માંડ્યું. જૂની યાદને માણવા તે અંદરથી એક ઠંડો બિયર પણ લઈ આવ્યો. જ્યાં સુધી વિદ્યાર્થી હતો ત્યાં સુધી બિયરની પસંદગીમાં વાર લાગે એમ હતું જ નહીં. બડ વાઇઝર જ હોય. જરા કમાતો થાય પછી મીલર કે મીકેલૉબ આવે. કે વળી આયાત કરેલા જર્મન કે સ્વીડિશ બિયરનો, કે ચોરીછૂપીથી આણેલા, રૉકી માઉન્ટનના નિર્ઝરથી બનેલા કૂર બિયરનો વિચાર આવે. પણ હમણાં તો સફેદ ડબ્બા પર સુંદર લાલ અક્ષરે લખાયેલું બડ વાઇઝર, -બડ-જ!

આંખ મીંચીને બેઠો ને ઠંડો બિયર પીવા માંડ્યો કે તરત સજલને જૂનું સંસ્મરણ જાગૃત થવા માંડ્યું. પહેલે દિવસે, મોડી રાત્રે, અહીંના નાના વિમાનઘર પર એ કેવો ઊતર્યો હતો! કોઈ લેવા આવે એમ તો હતું જ નહીં. બહાર હતાં સખત ઠંડી, હિમ; ચંદ્ર અને તારાવિહોણું ભયજનક આકાશ. અંદર વિમાનઘર લગભગ ખાલી, સિવાય કે બે-ત્રણ પડછંદ, લાંબા વાળ ને દાઢીવાળા, ગોગલ્સ પહેરેલા, ઠંડીથી બચવા મોટું, જાડું, રેક્ઝિનનું ભૂરુંભૂરું જરકીન પહેરેલા ને મોટા, ચાલે ત્યારે પડઘમ વગાડતા બૂટ પહેરેલા, સાફસૂફી કરનારાઓ. આ તે કેવું સ્વાગત! જૅક્સનનું આવું પહેલું ચિત્ર સજલના મનમાં વસ્યું હતું.

૧૯મી એપ્રિલ, ૧૯૭૦